# એક લાખની લોન માત્ર બે ટકાના દરે મળશે : રૂપાણી

**આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાની મુખ્યમંત્રીએ કરી જાહેરાત : ૧૦ લાખ લોકોને લાભ, પ્રથમ ૬ માસ સુધી બેંકમાં વ્યાજ કે હપ્તો નહિ ભરવાનો, ૩ વર્ષે માત્ર ૬ ટકા વ્યાજ ચૂકવવાનું, બેંકો-સોસાયટીઓમાં કંઈ ગિરવે નહિ મુકવુ પડે, અરજદારે કોઈ જામીન પણ આપવાના રહેશે નહીં, બેક્રો માત્ર અરજીના આધારે લોન પાસ કરશે**

ગાંધીનગર,તા.૧૪ વડાપ્રધાન મોદી દ્વારા દેશને આત્મનિર્ભર બનાવવાની ઘોષણા બાદ દેશના તમામ રાજ્યો અલગ-અલગ પ્રકારના આર્થિક પેકેજની જાહેરાત કરી રહ્યા છે ત્યારે ગુજરાત રાજ્ય પણ તેમાથી બાદ નથી રહ્યું. આજે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાની જાહેરાત કરી હતી. જેમા તેમણે નાના વેપારીઓને લોન આપવાની અને તેમને આર્થિક રીતે સદ્ધર બનાવવાની વાત કહી હતી.


આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાની જાહેરાત મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કરી હતી. ૧૦ લાખથી વધુ લોકોને આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાનો લાભ મળશે આ યોજના અંતર્ગત નાના દુકાનદારોને આ યોજનાનો લાભ મળશે. ૧ લાખ રૂપિયાની લોન ૨ ટકાના વાર્ષિક વ્યાજે મળશે. જ્યારે ૬ ટકા વાર્ષિક વ્યાજ રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવશે, પ્રથમ છ મહિના વ્યાજ અને મુદ્દલ ચૂકવવું નહીં પડે તેમ મુખ્યમત્રીએ જણાવ્યું છે. આ લોન સહકારી બેંકો એને જિલ્લા બેંકોમાંથી આ મળશે. અને ૬ મહિના સુધી આ લોનનો હપ્તો ભરવામાં રાહત આપવામાં આવશે. સરકારની આ યોજનામાં કોઈ પણ પ્રકારની સિક્યોરિટી આપવાની રહેશે નહી. પ્રોવિઝનલ સ્ટોર અને કટલરી સ્ટોરને રાહત આપવામાં આવશે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, કોરોના વાયરસના કારણે રાજ્યમાં તેની કોઈ અસર થશે નહી તથા લોકોને રોજગાર પૂરો પાડવા માટે સરકાર કટીબદ્ધ છે અને આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાની અંદર મોટા ભાગના કારીગરો અને કામદારોને આવરી લેવામા આવશે.

તમને જણાવી દઈએ કે, રાજ્ય સરકાર દ્વારા નાના ઉદ્યોગોને આપવામાં આવતી લોનનું ૧૮ ટકા વ્યાજ રાજ્ય કરકાર ચૂકવશે અને લોનધારકને માત્ર ૨ ટકા વ્યાજની ચૂકવણી કરવાની રહેશે. રાજ્ય સરકાર દ્વારા આ નિર્ણય ખુબ જ મહત્વનો છે જ્યારે કોરોનાના કારણે સંમગ્ર દેશમાં લોકડાઉન છે ત્યારે ઉદ્યોગોને ભારે નુકસાન પહોંચ્યુ છે આ આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાની જાહેરાત બાદ રાજ્યમાં નાના ઉદ્યોગો ફરી ધમધમી ઉઠે તેવી આશા હવે સેવાઈ રહી છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ના હો... રોકાવાય નહીં... આ આંકડો જ એવો છે કે તેમાં આપણાં માટે કાંઈ નહીં હોય...!!

## પરપ્રાંતિય શ્રમિકોને વતન મોકલવામાં તંત્ર પક્ષા-પક્ષી કરી રહ્યુ છે : ડૉ. ચાવડા

ગાંધીનગર તાલુકામાં રહેતા પરપ્રાંતિય શ્રમિક પરિવારોને વતન વાપસી કરવામાં તંત્ર દ્વારા પક્ષા-પક્ષી કરવામાં આવતી હોવાનો ગંભીર આક્ષેપ ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ કર્યો છે. તેમણે જિલ્લા કલેક્ટરને લખેલ એક વિસ્તૃત પત્રમાં જણાવ્યુ છે કે તેમના મતવિસ્તારમાં આવતા બોરીજ, પેથાપુર, વાવોલ ઉપરાંત અડાલજ, સરગાસણમાં રહેતા પરપ્રાંતિયોને હજુ સુધી મોકલવાની કોઈ જ વ્યવસ્થા તંત્ર દ્વારા કરાઈ નથી. આ શ્રમિકોની યાદી તેમજ તેમના એનરોલમેન્ટ કરાવ્યા પછી અમારા તરફથી આપના સુધી પહોંચતી કરવામાં આવેલ છે પરંતુ નક્કર કાર્યવાહી થઈ નથી.

આમ કહો છો કે જિલ્લામાંથી સાત ટ્રેન રવાના કરાઈ છે પણ આ શ્રમિકોનો હજુ સુધી સમાવેશ થયો નથી જે દર્શાવે છે કે તંત્ર દ્વારા પક્ષાપક્ષી કરવામાં આવી રહી છે. ડૉ. ચાવડાએ એવો પણ આક્ષેપ કર્યો છે કે પેથાપુર ખાતે રહેતા પરપ્રાંતિય શ્રમિકો જેમની પાસે રેશનકાર્ડ નથી અને હાલ ખુબ જ ચિંતાજનક સ્થિતિમાં તેઓ દિવસો ગુજારી રહ્યા છે. આ પરિવારોને અનાજની કીટ આપવા પેથાપુર ચીફ ઓફિસરની સમક્ષ રજુઆત કરાયા પછી પણ પગલાં નથી લેવાયા જે અત્યંત દુઃખદાયક છે.



ગાંધીનગર મહાનગરપાલિકા કોરોના સામે લડવા સક્રિય રીતે કાર્ય કરી રહી છે. મનપા વિસ્તારમાં આવતા કન્ટેઈનમેન્ટ ઝોનમાં પ્રવેશને ખૂબ જ નિયંત્રિત કરી દેવાયો છે. સેક્ટર-૭/સી કન્ટેઈનમેન્ટ ઝોનમાંથી પ્રવેશતા સેક્ટર-૭ પટેલ વાડી પાસે દરેકની નોંધણી કરવામાં આવી રહી છે.

## જિલ્લા પ્રાંત અધિકારીનો માનવીય અભિગમ

**એક દિવસ અગાઉ સાત માસે પ્રિમેચ્યોર ડીલીવરીથી જન્મેલ બાળક અને તેની માતાને ગાંધીનગર પ્રાંત અધિકારી પોતાની ગાડીમાં રેલ્વે સ્ટેશન લઇ ગયા**

માનવીના હદયમાં રહેલી સંવેદના કયારેય ઉજાગર થયા વગર રહેતી નથી. આવા જ એક સંવેદનશીલ ગાંધીનગર જિલ્લાના વહીવટી તંત્રના કર્મયોગી અને કોરોના વાયરસની લડાઈમાં એક વોરિયર્સ તરીકે ફરજ બજાવતા પ્રાંત અધિકારી શ્રી જે.એમ.ભોરણીયાના સંવેદનશીલ સ્વભાવનો અનુભવ ગાંધીનગરથી છત્તીસગઢ જતી પ્રીમેચ્યોર ડીલીવરી થનાર મહિલાને થયો છે.

'કોરોના' શબ્દ આજે ભયાનક શબ્દ લાગી રહ્યો છે. આ કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે સમગ્ર દેશમાં લોકડાઉન કરવામાં આવ્યું હતું. લોક ડાઉનના કારણે ગાંધીનગરમાં અનેક પરપ્રાંતિયાઓ પોતાના વતન જઈ શક્યા ન હતા. તેમને ગાંધીનગરમાં રોકાવવાની ફરજ પડી હતી. વતન ન જઈ શકનાર પરપ્રાંતિયોની ધીરજના પણ પારખા થઈ રહ્યાં હતા. તેવામાં જ ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સરકારશ્રીની સૂચના અને ગાઈડલાઈન મુજબ પર-પ્રાંતિયાઓને તેમના વતન સુધી સરળતાથી જઈ શકે તેવી સુવિધાઓ કરી આપવાનો આરંભ કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર પ્રાંત અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી જે.એમ.ભોરણીયા દ્વારા પોતાના કાર્યક્ષેત્રમાં આવતાં ગાંધીનગર અને દહેગામ તાલુકામાં રોકાયેલા પરપ્રાંતિયાઓને તેમના વતન મોકલવાની સુચારું વ્યવસ્થા કરી રહ્યાં છે. એક પદપરથી અનેક ભૂમિકાઓ અદા કરતાં કર્મનિષ્ઠ અધિકારી ઘણા લાંબા સમયથી દિવસ રાત સતત પોતાની ફરજ અદા કરી રહ્યાં છે. ફરજને પ્રાધાન્ય આપનાર અને પૂરી નિષ્ઠાથી અદા કરનાર પ્રાંત અધિકારી શ્રી



ભોરણીયાના સંવેદનશીલ સ્વભાવનો લોકોને ગઈકાલે ગજબનો અનુભવ થયો હતો.

ગઈકાલે ગાંધીનગર એસ.ટી. ડેપો ખાતેથી વહેલી સવારે ગાંધીનગરના અનેક પરપ્રાંતિયાઓને અમદાવાદ ખાતેથી છત્તીસગઢ ઉપડનાર ટ્રેનમાં બેસાડવા માટે બસો ઉપાડવામાં આવી રહી હતી. તે સમયે પ્રાંત અધિકારીશ્રીની નજર એક મહિલા પર પડી હતી. તેના ખોળામાં વીટાળેલા રૂમાલમાં એક નાનું બાળક હતું. તે જોઈને સંવેદનશીલ ગાંધીનગર પ્રાંત અધિકારીનું શરીર ધ્રુજી ઉઠયું હતું. તેમનામાં રહેલી સંવેદનાએ પોતાની હાથ નીચે ફરજ બજાવતા કર્મયોગીને તે બહેનને અહી બોલાવવા માટે જણાવ્યું હતું. બેનને પૂછતા ખબર પડી હતી કે, એક દિવસ પહેલા સાત માસે પ્રીમેચ્યોર ડીલીવરીથી જન્મેલું બાળક તેમની પાસે છે. આ જોઈ તરત જ પ્રાંત અધિકારીએ પોતાની સરકારી ગાડીમાં આ બહેનને લઈ જવા માટે ડ્રાઈવરને સૂચના આપી હતી. સરકારી ગાડીમાં આ બેનને રેલ્વે સ્ટેશન લઈ ગયા હતા. તેઓ પણ પોતે ત્યાં ગયા હતા. રેલ્વે ઉપડે નહિ ત્યાં સુધી બેનને રેલ્વે અધિકારીની ચેમ્બરમાં બેસાડી હતી. પ્રસુતા બેનની મુસાફરી આરામ દાયક રહે તે માટે તેમની ટ્રેનના ડબ્બામાં સરળતાથી બેસી શકે તેવી જગ્યા પણ રેલ્વે અધિકારીને કહી ખાલી કરાવી હતી. ટ્રેનમાં પણ આ બેનને જ જરૂરિયાત હોય તેવી તમામ બાબતોની તકેદારી પણ રાખવામાં આવી હતી. ટ્રેન ઉપડી ત્યાં સુધી ગાંધીનગર પ્રાંત અધિકારી ત્યાંજ ઉભા રહ્યાં હતા. આ સંવેદનશીલ સ્વભાવ ધરાવતા ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રના અધિકારી શ્રી જે.એમ.ભોરણીયાએ અન્ય અધિકારીઓને માટે પ્રેરણા રૂપ બન્યા છે.

## શહેર ભાજપના અગ્રણી સુરેશભાઈ સેનવાનું અવસાન

ગાંધીનગર, તા. ૧૪ ગાંધીનગર શહેર ભાજપના અગ્રણી સુરેશભાઈ બી. સેનવાનું આજે દુઃખદ અવસાન થયુ છે. તેમણે શહેર ભાજપ સંગઠનમાં પણ સેવાઓ આપી હતી. તેમજ શહેર કાર્યાલયમાં પણ કાર્યરત રહી સેવારત રહ્યા હતા. તેમના અવસાનના સમાચારથી આજે શહેર ભાજપના કાર્યકરોમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

